સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી.
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન લી.

બીજો માળ, રીવરફ્રન્ટ હાઉસ, મોજે- ચંગીસપુર, રે.સર્વે નં. ૧૮૫, એચ.કે. આર્ટસ કોમર્સ કોલેજ પાછળ, ગાંધી અને નહેરુબ્રીજ ની વચ્ચે, રીવરફ્રન્ટ રોડ (વેસ્ટ), અમદાવાદ-૩૮૦૦૦૯.

ફોન નં.-૦૭૯-૨૬૫૮૦૪૩૦ E-Mail:-office@srfdcl.com

## ટેન્ડર નોટીસ

સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. દ્વારા નદીની પશ્ચિમ તરફ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષની દક્ષિણે આવેલ ૧૩૭૫ ચો..મી. ખુલ્લી જગ્યામાં બોક્સ ક્રીકેટ/પીકલ બોલ તથા રમત ગમતની અન્ય એકટીવીટી કરવા સારૂ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. પાસેથી જગ્યા ભાડેથી મેળવી બીઝનેસ કરવા અંગેની સુવર્ણ તક છે. આ અંગેનું ટેન્ડર ડોક્યુમેન્ટ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબ સાઇટwww.ahmedabadcity.gov.in અને સાબરમતી રીવરફ્રન્ટ ડેવેલપમેન્ટ કોર્પોરેશન લી. ની વેબ સાઇટ www.sabarmatiriverfront.com પરથી ડાઉનલોડ કરી શકશે. તેમાં સંપૂર્ણ માહીતી ભરીને ટેન્ડર સબમીટ કરવાની છેલ્લી તા. ૦૯/૦૭/૨૦૨૫, સાંજે ૫.૩૦ ક્લાક સુધી રાખવામાં આવેલ છે.

તા. ૨૦/૦૬/૨૦૨૫,

એકઝીક્યુટીવ ડીરેકટર
સા.રી.ફ્રા.ડે.કો.લી.

| **<u>આ ફોર્મ ભરી નીચેના સ્થળે તથા સમયે પરત કરવું</u>** |
|---|
| **સ્થાન**: બીજો માળ, રીવરફ્રન્ટ હાઉસ, મોજે- ચંગીસપુર, રે.સર્વે નં. ૧૮૫, એચ.કે. આર્ટસ કોમર્સ કોલેજ પાછળ, ગાંધી અને નહેરુબ્રીજ ની વચ્ચે, રીવરફ્રન્ટ રોડ (વેસ્ટ), અમદાવાદ-૩૮૦૦૦૯. |
| **ફોન નં**.- ૦૭૯-૨૬૫૮૦૪૩૦ **E-Mail:-** office@srfdcl.com |

| **<u>ટેન્ડર ફોર્મ</u>** | | | | |
|---|---|---|---|---|
| **૧. અરજદારની વિગત** | | | | |
| અરજદાર વ્યક્તિ/ સંસ્થાનું પુરૂ નામ : | | | | |
| **અટક** | | **નામ** | | **પિતા/ પતિનું નામ** |
| | | | | |
| | | | | |
| | | | | |
| મોબાઈલ નં. | | | ઇ-મેઇલ: | |
| ફોન નં. (ઘર) | | | ફોન નં. (ઓફીસ): | |
| સરનામું (હાલનું): | | | | |
| સરનામું (કાયમી): | | | | |
| સરનામું (પત્ર વ્યહવાર માટેનું): | | | | |

**અરજદારની સહી/ અંગૂઠાનું નિશાન**

## ૨. અરજદારનું નિવેદન:

હું / અમે નામ:.....................................................................................હોદ્દો:..................................................

જણાવીએ છીએ કે, અમો નદીની પશ્ચિમ તરફ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષની દક્ષિણે આવેલ ૧૩૭૫ ચો..મી. ખુલ્લી જગ્યામાં બોક્સ ક્રીકેટ/પીકલ બોલ તથા રમત ગમતની અન્ય એકટીવીટી કરવા સારૂ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. પાસેથી જગ્યા મેળવવામાં રસ ધરાવીએ છીએ. આ માટેના તમામ કામો માટે અમારી ગેરહાજરી વખતે અમારા નીચે જણાવેલ અધિકૃત પ્રતિનીધી/ભાગીદાર બંધારણીય રીતે હાજર રહી કાર્યવાહીમાં ભાગ લઇ શકે તે માટે અધિકૃત કરીએ છીએ. તેઓએ ટેન્ડર ખોલતી વખતે અને હરાજી વખતે અને જ્યારે પણ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. જણાવે ત્યારે પોતાની ઓળખની સાબિતી આપતા મૂળ પુરાવા (Original ID Proof) રજૂ કરવાના રહેશે.

| 3.**અધિકૃત પ્રતિનીધીની વિગતો**: | | | |
|---|---|---|---|
| નામ: | | | |
| સરનામું: | | | |
| મોબાઈલ ન. | | ઇ-મેઈલ | |

**અરજદારની સહી/ અંગૂઠાનું નિશાન**

૪. હું એ જાણું છું/અમે એ જાણીએ છીએ કે લઘુતમ માસિક ભાડાની રકમ કરતાં નીચેની રકમથી ભરેલ ટેન્ડર આપો આપ રદ બાતલ થયેલું ગણાશે તેની મને/અમોને સ્પષ્ટતા હોઇ હું/અમો સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. દ્વારા નદીની પશ્ચિમ તરફ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષની દક્ષિણે આવેલ ખુલ્લી નકશામાં દર્શાવેલ **આશરે ૧૩૭૫ ચો.મી .જગ્યા** ભાડેથી/લાઇસન્સ પેટે મેળવવ માટે નીચે મુજબની ઓફર આપું છું/આપીએ છીએ.

| **લોકેશનની વિગત** | **લઘુતમ માસિક ભાડાની રકમ (રૂપિયામાં)** | સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. દ્વારા નદીની પશ્ચિમ તરફ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષની દક્ષિણે આવેલ ૧૩૭૫ ચો.મી. ખુલ્લી જગ્યામાં બોક્સ ક્રીકેટ/પીકલ બોલ તથા રમત ગમતની અન્ય એકટીવીટી કરવા સારૂ ભાડેથી આપવાની થતી જગ્યા માટે **માસિક લાઈસન્સ (ભાડાની રકમ) ફીની રકમની ઓફર (રૂપિયામાં)** | |
|---|---|---|---|
| | | **અંકોમાં** | **શબ્દોમાં** |
| સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. દ્વારા નદીની પશ્ચિમ તરફ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષની દક્ષિણે આવેલ ખુલ્લી નકશામાં દર્શાવેલ **આશરે ૧૩૭૫ ચો.મી. જગ્યા** | **લઘુતમ માસિક લાઈસન્સ (ભાડાની રકમ) ફી ની રકમ રૂ.૧,૬૫,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પાંસઠ હજાર પુરા)** | | |

**(નોધ: ટેન્ડરના કવર નં. ૨ માં આ પાનની વિગતો ભરીને મૂકવું)**

**નોંધ : ટેન્ડર ભરનાર વ્યકિતએ આ પાનામાં રૂપિયા ૫૦૦-/ ના ગુણાંક્માં પોતાની ઓફર લખવાની રહેશે.**

**અરજદારની સહી/ અંગૂઠાનું નિશાન**

૫. સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. દ્વારા નદીની પશ્ચિમ તરફ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષની દક્ષિણે આવેલ ખુલ્લી નકશામાં દર્શાવેલ આશરે ૧૩૭૫ ચો.મી .જગ્યાની વિગતો:

| અ.નં. | વિગત | લંબાઇxપહોળાઇ(મી.) | એરીયા (ચો.મી.) |
|---|---|---|---|
| ૧ | નદીની પશ્ચિમ તરફ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષની દક્ષિણે આવેલ હયાત સ્કેટીંગ રીંગ વાળી ખુલ્લી જગ્યા | ૫૫ x ૨૫ | ૧૩૭૫ |

૬. સદર જગ્યાએ લાઇટની સુવિધા આપવામાં આવશે અને નજીક ના સ્થળે પાણીની વ્યવસ્થા કરવામાં આવશે તથા લાઇસન્સી સદર ૧૩૭૫ ચ.મી. ખુલ્લી જગ્યામાં બોક્સ ક્રીકેટ/પીકલ બોલ તથા રમત ગમતની અન્ય એકટીવીટી અન્વયે સ્ટ્રક્ચર સ્વ ખર્ચે કરી શકશે.

૭. હું / અમે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. દ્વારા સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. દ્વારા નદીની પશ્ચિમ તરફ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષની દક્ષિણે આવેલ ખુલ્લી નકશામાં દર્શાવેલ **આશરે ૧૩૭૫ ચો.મી . જગ્યા** ભાડેથી મેળવવા માટે **ટેન્ડર ફોર્મ ફી રૂ.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દશ હજાર પૂરા) (Non Refundable)** તથા અર્નેસ્ટ મની ડીપોઝીટ**(EMD)** તરીકે **રૂ.૧, ૮૦, ૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ એંશી હજાર પૂરા)** ડિમાન્ડ ડ્રાફટથી જમા કરાવી રહયા છીએ તેની વિગતો નીચે મુજબ છે. (ડિમાન્ડ ડ્રાફટ "**સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ** " ના નામનો બનાવવો.)

| નાણાની વિગત | ડિમાન્ડ ડ્રાફટ ની વિગત | | | | |
|---|---|---|---|---|---|
| | નંબર | તારીખ | બેંકનુંનામ | શાખા | રકમ અંકમાં(રૂ.) | રકમ શબ્દોમાં (રૂ) |
| અર્નેસ્ટ મની ડીપોઝીટ**(EMD)** | | | | | | |
| ટેન્ડર ફોર્મ ફી | | | | | | |

**<u>નોંધ</u>:** ટેન્ડર ફોર્મ ફી અને અર્નેસ્ટ મની ડીપોઝીટ**(EMD)** ની રકમ RTGS/NEFT થી જમા કરાવી શકાશે નહી.

૮. મે/અમોએ ઓક્શનમાં આપેલ ઉચ્ચત્તમ ઓફર સ્વીકારવામાં આવશે તો, સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. દ્વારા નદીની પશ્ચિમ તરફ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષની દક્ષિણે આવેલ ખુલ્લી નકશામાં દર્શાવેલ **આશરે ૧૩૭૫ ચો.મી .જગ્યા** ને ભાડેથી મેળવવા ૨ (બે) માસના ભાડા જેટલી રકમ સીકયોરીટી ડીપોઝીટ તરીકે અને એક માસનું એડવાન્સ ભાડુ તથા મેન્ટેનન્સ જી.એસ.ટી.સાથે દિન-૧૫ (પંદર) માં ડિમાન્ડ ડ્રાફટથી અથવા યોગ્ય ઇલેક્ટ્રોનીક મોડ થી ટ્રાન્સફર કરાવીને જમા કરાવવા બંધાયેલ છીએ. ત્યારબાદ જ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ દ્વારા મને/અમોને ફાળવણી હુકમ આપવામાં આવશે તે અમો જણાવીએ છીએ.

૯. અમારી ઓફર સ્વીકારવામાં આવશે નહી તો અર્નેસ્ટ મની ડીપોઝીટ **(EMD) ની** રકમ દિન-૬૦ (સાઈઠ) માં વગર વ્યાજે મને/અમોને મળશે અને જો હું/અમોએ આપેલ ઓફર સ્વીકારવામાં આવશે તો, ભરેલ અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ, સીકયોરીટી ડીપોઝીટની રકમમાં મજરે આપવામાં આવશે.

૧૦. જો હું/અમોએ આપેલ કોઇપણ ઓફર સ્વીકારવી કે નહી તે અંગે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ નો નિર્ણય આખરી ગણાશે અને જે બાબતે અમો કોઇ પણ પ્રકારનું તકરાર લીટીગેશન કરીશું નહી.

૧૧. મારી/અમારી ઓક્શનમાં આપેલ ઉચ્ચત્તમ ઓફર સ્વીકારવામાં આવે અને હું/અમે ઓફર મુજબની તથા અન્ય જે ડીપોઝીટ/રકમ નિયત સમય મર્યાદામાં ભરપાઇ કરી શકીએ નહી તો અર્નેસ્ટ મની ડીપોઝીટ **(EMD)** સહિતની ઉક્ત તમામ ભરેલી રકમ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ દ્વારા જપ્ત કરવામાં આવશે.

૧૨. સદર જગ્યાના લાઈસન્સ બાબતે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ દ્વારા જે નિર્ણય અને શરતો નક્કી થશે તે માટે હું/અમે બંધાયેલા છીએ.

૧૩. આથી હું/અમે જાહેર કરીએ છીએ કે ઉપર જણાવ્યા મુજબની માહિતી સંપૂર્ણ સાચી અને ખરી છે અને આકસ્મિક રીતે અથવા કોઇ અન્ય રીતે માહિતી રજૂ કરવામાં ખામી રહી ગઈ હોય અથવા અધુરી વિગત માલૂમ પડે તો સ્વીકારેલ ઓફર/ભાડાપટ્ટે ફાળવણી કરેલ સદર જગ્યા પરત લેવા માટે સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ જે નિર્ણય લેશે તે મને/અમોને બંધનકર્તા રહેશે.

૧૪. હું/અમો અહી જાહેર કરીએ છીએ કે મે/અમોએ સૂચિત ભાડાપટ્ટે ફાળવવાની થતી સદર જગ્યા અંગેના નિયમો વાંચ્યા અને સમજ્યા છે. સદર જગ્યાના જાહેરાત મુજબની તમામ વિગતોનો અભ્યાસ કરેલ છે. મે/અમોએ ઉપરોક્ત પૈકી ૧ થી ૩ વાળી રજૂ કરેલ વિગતો સંપૂર્ણ સત્ય છે. હું/અમો ઉપરોક્ત ૪ મુજબની ઓફર આપીએ છીએ, ઉપરોક્ત ૭ મુજબ અર્નેસ્ટમની ડીપોઝીટ તથા ટેન્ડર ફી ફોર્મ ફીના નાણાં જમા કરાવી રહયા છીએ અને ઉપરોક્ત પૈકી ૮ થી ૧૪ સુપેરે વાંચીને સમજેલ છે અને અમોને તે સ્વીકાર્ય હોઇ તે પ્રમાણે વર્તવા બંધાયેલા છીએ, જે અમો સોગંદપૂર્વક જાહેર કરીએ છીએ.

| અરજદારનું પુરૂ નામ | સહી અને તારીખ | સંસ્થાનો/હોદ્દાનો સિક્કો |
| --- | --- | --- |
| | | |

## જગ્યા ભાડેથી/લાઇસન્સ પેટે મેળવવા માટેની માહિતી તથા શરતો

સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. દ્વારા નદીની પશ્ચિમ તરફ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષની દક્ષિણે આવેલ ૧૩૭૫ ચો.મી. ખુલ્લી જગ્યામાં બોક્સ ક્રીકેટ/પીકલ બોલ તથા રમત ગમતની અન્ય એકટીવીટી કરવા સારૂ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. પાસેથી જગ્યા ભાડેથી/લાઇસન્સ પેટે મેળવવા લાયસન્સથી ૫(પાંચ) વર્ષના ભાડાપટ્ટાથી નીચેની શરતોએ આપવાની છે.

૧. જાહેરાતમાં જણાવેલ આશરે ૧૩૭૫ ચો .મી. **જગ્યા ૫ (પાંચ) વર્ષના** ભાડાપટ્ટેથી લેવા માટે રસ ધરાવનાર વ્યક્તિ/સંસ્થાએ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ ની વેબ સાઇટ www.sabarmatiriverfront.com અને અ.મ્યુ.કો.ની વેબસાઇટ www.ahmedabadcity.gov.in પરથી ટેન્ડર ફોર્મ ડાઉનલોડ કરી શકાશે.

૨. ટેન્ડરની Pre-Bid Meeting નું આયોજન તા.૨૬.૦૬.૨૦૨૫ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે બીજો માળ, રીવરફ્રન્ટ હાઉસ, એચ.કે.આર્ટસ કોમર્સ કોલેજ પાછળ, ગાંધી અને નેહરુબ્રીજની વચ્ચે, પૂજય પ્રમુખ સ્વામી મહારાજ માર્ગ, રીવરફ્રન્ટ રોડ (વેસ્ટ) , અમદાવાદ-૩૮૦૦૦૯ ખાતે રાખવામાં આવશે. Pre-Bid Meeting ના અનુસંધાને મળેલ સૂચનો અન્વયે કરેલ સુધારા તા૦૨.૦૭.૨૦૨૫ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ ની વેબ સાઇટ www.sabarmatiriverfront.com પર સુધારા પબ્લીશ કરવામાં આવશે જે સુધારા ટેન્ડરમાં આમેજ ગણવાના રહેશે.

૩. ભરેલ ટેન્ડર ફોર્મ મોટા સીલ બંધ કવરમાં **તા.૦૯/૦૭/૨૦૨૫ ના રોજ સાંજે ૦૫.૩૦ કલાક સુધીમાં** બીજો માળ, રીવરફ્રન્ટ હાઉસ, મોજે - ચંગીસપુર, રે.સ.નં. ૧૮૫, એચ .કે.આર્ટસ કોમર્સ કોલેજ પાછળ, ગાંધી અને નેહરુબ્રીજની વચ્ચે, રીવરફ્રન્ટ રોડ (વેસ્ટ) , અમદાવાદ-૩૮૦૦૦૯, ખાતે જમા કરાવવાના રહેશે.

૪. **ટેન્ડર તા. તા.૧૧/૦૭/૨૦૨૫ ના રોજ ૧૨:૦૦ કલાકે બીજો માળ,** રીવરફ્રન્ટ હાઉસ, મોજે - ચંગીસપુર, રે.સ.નં. ૧૮૫, એચ.કે.આર્ટસ કોમર્સ કોલેજ પાછળ, ગાંધી અને નેહરુબ્રીજની વચ્ચે, રીવરફ્રન્ટ રોડ (વેસ્ટ) , અમદાવાદ-૩૮૦૦૦૯ હાજર રહેલ ઓફરર્સ ની સમક્ષ ખોલવામાં આવશે.

૫. ટેન્ડરમાં ભાગ લેનાર તમામ પાર્ટીઓએ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. દ્વારા નદીની પશ્ચિમ તરફ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષની દક્ષિણે આવેલ નકશામાં દર્શાવ્યા મુજબ ૧૩૭૫ ચો..મી. ખુલ્લી જગ્યામાં બોક્સ ક્રીકેટ/પીકલ બોલ તથા રમત ગમતની અન્ય એકટીવીટી કરવા સારૂ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. પાસેથી જગ્યા ભાડેથી/લાઇસન્સ પેટે મેળવવા રૂ.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દશ હજાર પૂરા) (Non Refundable) ટેન્ડર ફી અને રૂ.૧, ૮૦, ૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ એંશી હજાર પૂરા) નો અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) નો સાબરમતી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશન લીમીટેડના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ પેયેબલ : અમદાવાદ બનાવી જમા કરાવવાનો રહેશે. (સદરહુ ડીમાન્ડ ડ્રાફ્ટમાં પેયેબલ તરીકે, જે નામથી ટેન્ડર ભરો છો તે નામ હોવુ જરૂરી છે અન્યથા ટેન્ડર રદ ગણવામાં આવશે.)

૬. <u>એલીજીબીલીટી ક્રાયટેરીયા:</u>

**એ**. ક્વોલિફિકેશન ક્રાઈટેરિયા: **બિડરનો અગાઉનો અનુભવ નીચે મુજબ જરૂરી છેઃ**

બીડરનો બે (૨) વર્ષ નો બોક્ષ ક્રીકેટનો અથવા સલગ્ન રમત-ગમત ચલાવવાનો અનુભવ હોવો જરૂરી છે. તથા છેલ્લાં પાંચ નાણાકીય વર્ષમાં (2020-21 થી 2024-25 સુધી) કોઈ પણ ત્રણ નાણાકીય વર્ષ દરમિયાન ન્યૂનતમ સરેરાશ કુલ રૂ. ૩૦ લાખનું ટર્નઓવર હોવું જોઈએ. તેવા જ બીડર સદરહુ બીડમાં ભાગ લઇ શકશે. જે અંગેના પુરાવાના પ્રમાણીત દસ્તાવેજ મૂકવાના રહેશે.

**આ `એ` દર્શાવેલ ક્રાઇટેરીયામાં ક્વોલીફાઈ થનાર બિડરોની જ પ્રાઇસ બીડનું કવર ઓપન કરવામાં આવશે**.

૭. ટેન્ડર ફોર્મ સીલ બંધ મોટા કવરમાં જમા કરાવવા તેના પર વ્યકિત/સંસ્થાનું નામ, સરનામું લખવા. આ મોટા કવરની અંદર કવરનં. ૧ અને કવર નં. ૨ મુકવાના રહેશે.

**એ**. **કવર નં**. **(૧)** ટેન્ડર ફી અને અર્નેસ્ટ મની ડીપોઝીટ **(EMD)** અને ટેન્ડર ડોકયુમેન્ટ

- આ કવરની ઉપર "**ટેન્ડર ફી અને અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) અને ટેન્ડર ડોકયુમેન્ટ**" એમ સ્પષ્ટ રીતે લખવાનું રહેશે. ટેન્ડર ડોકયુમેન્ટના પાના નં. ૪ સિવાયના તમામ પાનાઓમાં જયાં પણ જરૂરી વિગતો ભરવાની છે તે વિગતોભરી દરેક પાના પર ટેન્ડર ભરનારે સહી સીકકા કરી મુકવા. ટેન્ડર ફી અને અર્નેસ્ટ મની ડીપોઝીટ**(EMD)** ના ડીમાન્ડડ્રાફ્ટ આ કવરમાં મુકવાના રહેશે.
- આ સાથે બીડરે કેન્સલ ચેક, આધારકાર્ડ, પાનકાર્ડ જેવા ડોક્યુમેંટની નકલ મુકવાની રહેશે.

**બી**. **કવર નં**. **(૨)** -પ્રાઈસ બીડ

- આ કવર ઉપર ઓફરરે "**પ્રાઇસ બીડ**" તેમ સ્પષ્ટ રીતે લખી સીલ કરવાનું રહેશે. ટેન્ડર ભરનારે ટેન્ડર ડોક્યુમેન્ટનું પાના નં. ૪ (પ્રાઇસ બીડ) સહી સીકકા કરી કવરમાં મુકવાનું રહેશે.
- **(નોંધ** : ટેન્ડર ભરનાર વ્યકિતએ આ પાનામાં રૂપિયા **૫૦૦**/- ના ગુણાંકમાં પોતાની ઓફર લખવાની રહેશે.)

૮. લાઇસન્સની ૫ (પાંચ) વર્ષની મુદ્દત પૂર્ણ થયા બાદ સા.રી.ફ્ર.ડે.કો.લી. દ્વારા નિર્ણય થયેથી વધુમાં વધુ ૨ વર્ષ માટે વાર્ષીક ધોરણે પરસ્પર સમજૂતીથી વધારવામાં આવી શકશે અથવા નવું ટેન્ડર બહાર પાડવામાં આવશે. આ અંગે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ જે નિર્ણય લેશે તે લાઇસન્સીને બંધનકર્તા રહેશે.

૯. ઓફરદારે અરજી ફોર્મ સાથે જ્યાં જ્યાં ડીમાન્ડ ડ્રાફટનો ઉલ્લેખ છે તે તમામ ડીમાન્ડ ડ્રાફટ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ.ના નામનો રજૂ કરવાનો રહેશે કોઇ બીજા અન્ય નામનું કે ડીમાન્ડ ડ્રાફટ વિનાનું ટેન્ડર આપોઆપ રદ થયેલ ગણાશે.

૧૦. જેની ઓક્શનમાં આપેલ ઉચ્ચત્તમ ઓફર સ્વીકારવામાં આવેલ હોય તેવા ઓફરદારને સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોપોરેશન લીમીટેડ દ્વારા કોઇપણ કારણસર સદર જગ્યા લાઇસન્સ પર આપી શકાય તેમ ના હોય તેવા સંજોગો ઉદ્ભવે ત્યારે સિક્યોરીટી ડીપોઝીટની રકમ વિના વ્યાજે પરત કરવામાં આવશે.

૧૧. ટેન્ડર ભરનારે સાઇટ, લોકેશન, યુટીલીટી, કન્ડીશન વિગેરેની જાત તપાસ કરી પોતાની જાતને અવગત કરી લેવાની રહેશે. આવી કોઇ પણ બાબતમાં કોઇ પણ ઓફરર્સનું કોઇ પણ પ્રકારનું ઓબ્જેકશન માન્ય રાખવામાં આવશે નહી.

૧૨. લાઇસન્સીએ સદર જગ્યાની હયાત સ્થળસ્થિતિમાં સા.રી.ફ.ડે.કો.લી.ની લેખિત મંજુરી વિના કોઇપણ પ્રકારનો હંગામી કે કાયમી ફેરફાર કરી શકાશે નહી. નદીની પશ્ચિમ તરફ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષની દક્ષિણે આવેલ ૧૩૭૫ ચો..મી. ખુલ્લી જગ્યામાં બોક્સ ક્રીકેટ/પીકલ બોલ તથા રમત ગમતની અન્ય એકટીવીટી કરવા સારૂ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. પાસેથી જગ્યા ભાડેથી મેળવી તેમાં ડીઝાઇન/ સાઇઝ/ કલર વગેરેની સા.રી.ફ્ર.ડે.કો.લી. ખાતેથી પૂર્વ લેખિત મંજુરી મેળવી સ્થળે કામગીરી કરવાની રહેશે. સદર ડીઝાઈન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા ઔડા દ્વારા પ્રમાણીત સ્ટ્રક્ચર એંજિનીયરની નિમણુંક કરી કરવાની રહેશે.

૧૩. લાઇસન્સીએ સદર જગ્યાનો ઉપયોગ ફક્ત **બોક્સ ક્રીકેટ/ પીકલ બોલ** તથા રમત ગમતની અન્ય એકટીવીટી કરવા **માટે સૂચિત કરેલ હેતુ માટેનું જ જરૂરી બાંધકામ** કરી વપરાશ કરવાનો રહેશે. લાઇસન્સી સદરહુ ૧૩૭૫ ચો.મી. જમીન સીવાયની ખુલ્લી જગ્યામાં અન્ય કોઇ સામાન મુકી શકશે નહી કે વાપરી શકશે નહી. પરંતુ નિયત કરેલ જગ્યાએ મુલાકાતીઓના પાર્કીંગ કરવા સારૂ યુઝ કરી શકાશે.

૧૪. લાઇસન્સીએ ડસ્ટબીનની વ્યવસ્થા સ્વખર્ચે કરવાની રહેશ તથા સદર જગ્યાની આજુબાજુ નિયમીત સફાઇ કરવાની રહેશે. અગ્નિશામક સામગ્રીની વ્યવસ્થા સ્વખર્ચે અચુકપણે કરવાની રહેશે. ધંધા સાથે જોડાયેલ હોય તેવા તમામ પ્રકારના જરૂરી સરકારી તથા અર્ધ સરકારી લાયસન્સ/મંજુરી/એન.ઓ.સી વિગેરે સ્વખર્ચે લેવાના રહેશે તથા તમામ પ્રકારના સરકારી તથા અર્ધ સરકારી વેરા ભરવાના રહેશે.

૧૫. સદર જગ્યાનો ઉપયોગ બોક્સ ક્રીકેટ/પીકલ બોલ તથા રમત ગમતની અન્ય એકટીવીટી કરતા સમયે કોઇ પણ કુદરતી અથવા કૃત્રિમ કારણોસર જાનમાલનું નુક્શાન થશે તો તેની જવાબદારી લાયસન્સીની રહેશે. તે અંગે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરિશન લીમીટેડની જવાબદારી રહેશે નહીં .

૧૬. અન્ય સરકારી/અર્ધ સરકારી કચેરીઓના કાયદા હેઠળ જરુરી હોય તેવી પરવાનગી તથા લાયસન્સ લેવાના હોય તે સદર જગ્યા લાઇસન્સ પર લેનાર વ્યક્તિ/સંસ્થા એ લેવાના રહેશે. જાહેર આરોગ્ય, સલામતિ અને વ્યવસ્થાને લગતી સંબંધિત સત્તાની શરતો અને આદેશોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૭. દર વર્ષે માસિક લાઇસન્સ ફીની રકમમાં અગાઉના વર્ષમાં ભરેલ માસિક લાઇસન્સ ફીની રકમમાં **૫% નો વધારો** કરવાનો રહેશે. તેમજ તેના પર લાગુ પડતો જી.એસ.ટી.અલગથી ભરવાનો રહેશે.

૧૮. જે અરજદારની ઓફર સ્વીકારવામાં આવશે, તેણે ૨ (બે) માસના ભાડાની રકમ સીક્યોરીટી ડીપોઝીટ પેટે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડમાં દિન-૧૫માં જમા કરાવવાની રહેશે. જેમાં અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ મજરે આપવામાં આવશે. નિયત સમયમાં સીકયોરીટી ડીપોઝીટની રકમ ભરપાઇ નહી કરવામાં આવેતો અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે. સદર ડીપોઝીટની રકમ ભાડાપટ્ટાના સમય સુધી સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ પાસે જમા રહેશે. જે ભાડાપટ્ટાનો સમય પુરો થયે તેમાંથી માસિક ભાડાના હિસાબ પેટે બાકી રહેતી રકમ તથા જગ્યામાં થયેલ નુક્શાન જો કોઇ હોય તો તે તથા અન્ય જે કોઇ લેણાં હોય તે બાદ કરી વગર વ્યાજે ત્રણ માસમાં પરત કરવામાં આવશે.

૧૯. જે અરજદારની ઓફર સ્વીકારવામાં આવે તેણે **ઇલેક્ટ્રીક ચાર્જીસ ડીપોઝીટ પેટે રૂ.૧,૬૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ સાહીઠ હજાર પુરા)** સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડમાં દિન-૧૫ માં જમા કરાવવાના રહેશે. સદર ડીપોઝીટની રકમ ભાડાપટ્ટાના સમય સુધી સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ પાસે જમા રહેશે. જે ભાડાપટ્ટાનો સમય પુરો થયે તેમાંથી ઇલેક્ટ્રીક બીલના હિસાબ પેટે બાકી રહેતી રકમ બાદ કરી વગર વ્યાજે ત્રણ માસમાં પરત કરવામાં આવશે.

૨૦. જે વ્યક્તિ/સંસ્થાને ટેન્ડર મળે **બોક્સ ક્રીકેટ /પીકલ બોલ** તથા રમત ગમતની અન્ય **એકટીવીટી કરવા સારૂ જરૂરી બાંધકામ કરવા** માટે એલ.ઓ.એ. આપ્યાની તારીખથી **૬૦ દિવસનો મોરેટોરીયમ પીરીયડ** આપવામાં આવશે. જો **૬૦ દિવસનો મોરેટોરીયમ પીરીયડ** પત્યા અગાઉ સદર જગ્યા ઓપરેશનલાઇઝ કરવામાં આવશે તો તે તારીખથી લાઇસન્સ ફી ના નાણાં વસુલ લેવામાં આવશે.

૨૧. જે અરજદારની ઓફર સ્વીકારવામાં આવેલ હોય તેઓ દ્વારા **૧ વર્ષ પહેલા** જો સદર જગ્યાનું પઝેશન પરત કરવામાં આવશે તો તેવા કિસ્સામાં સીક્યોરીટી ડીપોઝીટની રકમ જપ્ત કરી સદર જગ્યાનું પઝેશન પરત લેવામાં આવશે.

૨૨. જેઓની ઓફર સ્વીકારમાં આવશે નહી તેઓને અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ, સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ દ્વારા ટેન્ડર બાબતે અંતિમ નિર્ણય લેવાયેથી દિન-૬૦(સાઠ)માં વગર વ્યાજે પરત કરવામાં આવશે.

૨૩. લાઇસન્સી દ્વારા અત્રેના વિભાગે ૫(પાંચ) વર્ષ ની માસિક લાઇસન્સ ફી પેટેના કુલ ૬૦ પોસ્ટ ડેટેડ ચેક જમા કરાવવાના રહેશે. લાઇસન્સી દ્વારા અત્રેના વિભાગે જમા કરાવેલ પોસ્ટ ડેટેડ ચેકમાંથી લાગુ પડતા માસનો ચેક લાઇસન્સર દર મહિનાની ૧ થી ૫ તારીખ દરમ્યાન લાઇસન્સ ફી પેટે બેંકમાં ડીપોઝીટ કરશે. આ પોસ્ટ ડેટેડ ચેક જમા ન કરાવવા અંગે અથવા હોલ્ડ પર રાખવા અંગેની લાયસન્સીની કોઇ અરજી ધ્યાને લેવામાં આવશે નહી.

અથવા

માસિક લાઇસન્સ ફી અને મેઈન્ટેનન્સ ચાર્જ લાઇસન્સરની સુચનાઓ અનુસાર, યોગ્ય ઇલેક્ટ્રોનીક મોડ દ્વારા ચુકવવાની રહેશે. લાઇસન્સ ફી દરેક મહિનાની ૧ થી ૫ તારીખ દરમ્યાન જમા કરાવવાનું રહેશે. જો કોઇ

કારણસર ચેક બાઉન્સ થશે કે લાઇસન્સી દ્વારા દરેક મહિનાની ૧ થી ૫ તારીખ દરમ્યાન જે તે ઇલેકટ્રોનીક મોડ દ્વારા લાઇસન્સ ફી ચુકવવામાં નહી આવે તો તે અંગે લાઇસન્સી સામે કાયદાકીય પગલાં લેવામાં આવશે અને લાઇસન્સર દ્વારા લાઇસન્સીને દિન-૧૫ (પંદર) માં નોટીસ આપી સિક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરી, સદર જગ્યા ખાલી કરાવી સા.રી.ફ્ર.ડે.કો.લી.દ્વારા કબ્જો પરત મેળવી લેવામાં આવશે.

૨૪. સદર ૧૩૭૫ ચો.મી. ફાળવવાની થતી જગ્યામાં મુલાકાતીઓના રીફરેશમેન્ટ/ઓફિસ/સ્ટોર માટે એક ફૂડ કન્ટેનર મહત્તમ (૯.૦ મી. x ૪.૫૦ મી.) નું મૂકવા માટે મંજૂરી મળવા પાત્ર રહેશે. સદરહુ જગ્યાએ મુકવામાં આવનાર ફૂડ કન્ટેનર નો ઉપયોગ નોન વેજ ફુડ, ઇડાની વાનગી, તંબાકુ કે તેના ઉત્પાદનો વેચવા કરી શકાશે નહી. આમ થતુ ધ્યાને આવશે તો શરતોના ભંગ બદલ લાઇસન્સનો અંત લાવવામાં આવશે અને સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૨૫. સદર જગ્યાએ મુકવામાં આવનાર ફૂડ કન્ટેનરના ઓપરેશનલ અવર્સ સાબરમતી રીવરફ્રન્ટના ઓપરેશનલ શીડયુલ મુજબ રહેશે તથા પોલીસ ખાતાના, એ.એમ.સી. ના , રાજ્ય સરકારના વખતો વખતના અમલી નિયમો મુજબ વર્તવાનું રહેશે.

૨૬. લાઇસન્સીએ થર્ડ પાર્ટી કોમ્પ્રીહેન્સીવ ઇન્સ્યોરન્સ લેવાનો રહેશે અને તેની નકલ ઓથોરીટીને આપવાની રહેશે.

૨૭. લાઇસન્સીએ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોપોરેશન/એ.એમ.સી./રાજ્ય સરકાર/લાગુ પડતી ઓથોરીટી દ્વારા વખતો વખત મળતી સૂચના તથા નિયમોનું પાલન કરવાનું રહેશે.

૨૮. લાઇસન્સીએ લાયસન્સર સાથે લાઇસન્સ એગ્રીમેન્ટ કરવાનો રહેશે. જે અંગેનો તમામ ખર્ચ લાઇસન્સીએ ભોગવવાનો રહેશે.

૨૯. લાઇસન્સી દ્વારા ઉપર મુજબની શરતોનો ભંગ કરવામાં આવશે અથવા જાહેર સ્થળની આ જગ્યાનો ઉપયોગ વિવાદાસ્પદ જણાશે તો સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ દ્વારા લાઇસન્સીને દિન : ૧૫ (પંદર)ની નોટીસ આપી સદર જગ્યા ખાલી કરાવી કબ્જો પરત મેળવી લેવામાં આવશે. આ બાબતે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોપરિશન લીમીટેડ નો નિર્ણય આખરી ગણાશે.

૩૦. કોઇ પણ કાયદાના ઉલંઘન બદલ અન્ય સરકારી કે અર્ધ સરકારી સંસ્થા દ્વારા સદર જગ્યા ભાડે રાખનાર લાઇસન્સી કે તેના કર્મચારી વિરુધ્ધ કોઇ પણ જાતની કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે તો તેની જવાબદારી સા.રી.ફ્ર.ડે.કો.લી.ની રહેશે નહી.

૩૧. આ જગ્યાનો નિકાલ " જયાં છે અને જેમ છે " તે ધોરણે કરવામાં આવશે.

૩૨. કોઇપણ ઓફર સ્વીકારવી કે ન સ્વીકારવી તે અંગેની સત્તા સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોપોરેશન લીમીટેડ ની રહેશે.

૩૩. લાઇસન્સી પાસેથી સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ જયારે પણ તેમની કાયદેસરતા / અધિકૃતતા / નોંધણી માટેના દસ્તાવેજોની માંગણી કરે ત્યારે લાઇસન્સીએ તે ચોકકસપણે પૂરા પાડવાના રહેશે. તેમ ન થયેથી ફાળવણી સંદર્ભે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ દ્વારા જે કોઇ નિર્ણય લેવામાં આવે તે લાઇસન્સીને બાધ્ય રહેશે.

૩૪. ટેન્ડર ખોલવાની તથા હરાજીની સમગ્ર પ્રક્રિયા દરમ્યાન અરજદાર અથવા અરજદાર દ્વારા ટેન્ડર ફોર્મમાં પાના નં. ૩ પર મુદ્દા નં.૨ માં જણાવેલ વિગત મુજબ અધિકૃત કરવામાં આવેલ વ્યકિતએ સુવાચ્ય એવા સરકાર માન્ય ઓળખપત્ર સહિત ફરજીયાતપણે હાજર રહેવાનું રહેશે તે સિવાયની કોઇપણ વ્યકિત ટેન્ડર ખોલવાની કે હરાજીની પ્રક્રિયામાં ભાગ લેવા માટે માન્ય ગણાશે નહી.

૩૫ .જે ઓફરદારનું ટેન્ડર માન્ય રહેશે, તે જ ઓફરદાર હરાજીમાં ભાગ લઇ શકશે. હરાજીમાં અરજદાર/અરજદાર દ્વારા અધિકૃત કરવામાં આવનાર વ્યકિત જ બોલી બોલી શકશે. ટેન્ડર ફોર્મમાં મહત્તમ મળેલ ઓફર કિંમતથી બોલી શરૂ કરવામાં આવશે. **હરાજીમાં ભાગ લેનારે રૂ. ૫૦૦/- ના ગુણાંકમાં** બોલી બોલવાની રહેશે. ઊંચી બોલી બોલનાર માંગણીદારની હરાજી આખરી કરતી વખતે, સદર જગ્યા માટે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોપોરેશન લીમીટેડને મળેલ સૌથી ઊંચી બોલીની કિંમતે સ્વીકાર કરવો કે કેમ? તે અંગે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોપોરેશન લીમીટેડ પોતાનો અધિકાર અબાધિત રાખે છે.

આ ઉપરાંત નીચે જણાવેલ વધારાની શરતોને આધીન હરાજી કરવામાં આવશે.

- હરાજી વખતે હરાજીમાં ભાગ લેનાર વ્યકિત કે તેમના પ્રતિનિધિ દ્વારા જો કોઇ અઘટિત વર્તન કરવામાં આવશે તો અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે અને હરાજીમાં તેમને ભાગ લેવા દેવામાં આવશે નહી.
- હરાજી કરનાર અધિકારી કોઇપણ કારણ દર્શાવ્યા સિવાય કોઇપણ તબક્કે સદર જગ્યા માટેની હરાજી ની કાર્યવાહી પાછી ખેંચી શકશે / સ્થગિત કરી શકશે
- સદર જગ્યા માટેની હરાજી માન્ય રાખવી કે અમાન્ય રાખવી, તેં સંબંધી સક્ષમસત્તા અધિકારીશ્રીનો નિર્ણય આખરી અને તમામને બંધનકર્તા રહેશે.

૩૬. ટેન્ડર/હરાજીમાં સફળ થનારને સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ દ્વારા કોઇપણ કારણોસર સદર જગ્યા લાઇસન્સ પર આપી શકાય તેમ ના હોય તેવા સંજોગો ઉદભવે ત્યારે અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ વિના વ્યાજે પરત કરવામાં આવશે.

૩૭. ટેન્ડર/હરાજીમાં સફળ થનાર વ્યકિત/સંસ્થા દ્વારા ઉપરોકત શરતો પૈકીની કોઇ પણ શરતનો ભંગ કરવામાં આવશે તો ફાળવણી રદ કરી સીક્યોરીટી ડીપોઝીટના નાણાં જપ્ત કરવામાં આવશે અને તે નાણાં પરત મેળવવા માટે વ્યક્ત/સંસ્થા કોઇ પણ પ્રકારના હકકદાવો/ફરિયાદ કરી શકશે નહી.

૩૮. લાઇસન્સીએ મ્યુનિસિપલ પ્રોપર્ટી ટેક્ષ, લાઇટ બીલ, પ્રોફેશનલ ટેક્ષ, તથા આની સરકારી કાર વેરા પોતે ભરવાના રહેશે અને તેની રસીદની નકલ સમયાંતરે અત્રે જમા કરાવવાની રહેશે.

૩૯. રસ્તા પરથી આવતાં જતાં માણસોને આ જગ્યાના ઉપયોગ માટે ખબર પડે તે માટે જાહેરાતનું બોર્ડ ટેકનીકલ વિભાગના અભિપ્રાય અનુસાર અત્રેના વિભાગની સૂચના મુજબ મુકી શકાશે.

૪૦. જરૂરિયાતના સંજોગોમાં સા.રી.ફ્ર.ડે.કો.લી. એક માસની નોટીસ આપી લાઇસન્સી પાસેથી સદર જગ્યાનો કબજો પરત લઇ શકાશે. આ સંદર્ભે સા.રી.ફ્ર.ડે.કો.લી. કોઇ પણ કારણ આપવા બંધાયેલ નથી.

૪૧. લાઇસન્સીએ લાઇસન્સ એગ્રીમેન્ટની શરતો ઉપરાંત ટેન્ડર તથા એલ.ઓ.એ.ની પણ તમામ શરતો નું પાલન કરવાનું રહેશે.

૪૨. લાઇસન્સીએ સદર જગ્યા કોવીડ-૧૯ની માર્ગદર્શિકા તદઉપરાંત કોઇ પણ સરકારી/અર્ધસરકારી/એ.એમ.સી.ની માર્ગદર્શિકા/નિયમ/સૂચના મુજબ સ્વચ્છ સ્થિતિમાં રાખવાની રહેશે.

૪૩. લાયસન્સીએ રજીસ્ટર્ડ લાઇસન્સ એગ્રીમેન્ટ એલ.ઓ.એ. આપ્યાની તારીખથી ૨ માસમાં અથવા સદર જગ્યા ઓપરેશનલાઇઝ કરતા પેહેલા, જે વહેલું હોય, તે મુજ્બ કરવાનો રહેશે. જો લાયસન્સી લાઇસન્સ એગ્રીમેન્ટ સમયમર્યાદામાં ન કરે તો સદરહુ વપરાશ બંધ કરાવી મીલકત સીલ કરી ૧૩૭૫ ચો.મી. જગ્યા નું પઝેશન પરત લેવાની કાર્યવાહી કરવામાં આવશે.

૪૪. લાયસન્સી સદર જગ્યા આ ટેન્ડર માં જણાવેલ થયેલ હેતુ સિવાય ના કોઈ પણ અન્ય હેતુ માટે વાપરી શકશે નહિ.

૪૫. **<u>ફોર્સ મેજ્યુર</u>**:

ફોર્સ મેજેઅરને કારણે, કોઈપણ પક્ષ અન્ય પક્ષ માટે જવાબદાર રહેશે નહીં અથવા વિલંબ અથવા નિષ્ફળતા હોય તો, કરારના સંબંધમાં તેની પોતાની જવાબદારીઓ પૂર્ણ કરવામાં કોઈપણ વિલંબ અથવા પૂર્ણ કરવામાં કોઈપણ નિષ્ફળતાને કારણે કરારનું ઉલ્લંઘન કરતું હોવાનું માનવામાં આવશે નહીં.

કરારના હેતુ માટે, "ફોર્સ મેજેર" એ ભગવાનના અધિનિયમને કારણે બનતી કોઈપણ ઘટના,યુદ્ધ, યુદ્ધ જેવી પરિસ્થિતિઓ, નાકાબંધી, પ્રતિબંધો, બળવો, સરકારી નિર્દેશો અને સંરક્ષણ અધિકારીઓ અથવા સરકારની અન્ય કોઈપણ એજન્સીઓની હસ્તક્ષેપ, આગ, પૂર, ભૂકંપ, રમખાણો, હડતાલ, તોફાન, જ્વાળામુખી ફાટી નીકળવો, ટાયફૂન, વાવાઝોડા, ભરતીના મોજા, ભૂસ્ખલન, વીજળીના વિસ્ફોટ, વાવંટોળ, ચક્રવાત, સુનામી, પ્લેગ અથવા અન્ય રોગચાળો અથવા રોગચાળો સંસર્ગનિષેધ, લોકડાઉન, વૈશ્વિક, રાષ્ટ્રીય અથવા પ્રાદેશિક કટોકટી, યુદ્ધના કૃત્યો, આતંકવાદ અથવા તોડફોડના કૃત્યો, માળખા અને/અથવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિનાશ, ઊર્જાની લાંબી નિષ્ફળતા , મંજૂરીઓનું રદબાતલ, સરકાર દ્વારા આપવામાં આવેલ કોઈ વાંધો, સંમતિ, લાયસન્સ, કાયદામાં ફેરફાર, કાયદાકીય અને/અથવા સરકારી સત્તા દ્વારા કાર્યવાહી અને/અથવા હુકમ, જમીન અથવા તેના કોઈપણ ભાગનું સંપાદન, માંગણી અથવા નિકાલ, તૃતીય પક્ષની કાર્યવાહી અથવા સરકારી અથવા અન્ય સત્તા અથવા કમિશન અથવા બાદબાકી અથવા તેના દ્વારા અસરગ્રસ્ત પક્ષના નિયંત્રણની બહારનું કોઈ અન્ય કાર્ય.

બંને પક્ષો આ કરારની શરતો અને નિયમોનું પાલન કરવાના ઉદ્દેશ્ય સાથે તમામ વાજબી સાવચેતીઓ અને વાજબી વૈકલ્પિક પગલાં લેશે.

જો ફોર્સ મેજરને કારણે કરવું અશક્ય અથવા અવ્યવહારુ બને તો કોઈપણ પક્ષ કરારને સમાપ્ત કરી શકે છે;

અથવા

કોઈપણ સમયગાળો કે જેમાં પક્ષકાર, આ કરાર અનુસાર, કોઈપણ ક્રિયા અથવા કાર્ય પૂર્ણ કરી શકે, તે સમયગાળાની સમાન સમયગાળા માટે લંબાવી શકાય છે જે દરમિયાન આ ભાગ ફોર્સ મેજેઅરના પરિણામે આવી ક્રિયા કરવામાં અસમર્થ હતો. આ સંદર્ભમાં, સા.રી.ફ્ર.ડે.કો.લી. નો નિર્ણય અંતિમ માનવામાં આવશે

૪૬. લાયસન્સીએ સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડના કોઈપણ અધિકારીને કોઈપણ રીતે પ્રલોભિત કરવામાં સામેલ જણાશે તો તેવા ઓફરદારે ને સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ દ્વારા ભવિષ્ય નાં બધા ટેન્ડર માં ભાગ લેવામાં બેન કરવામાં આવશે.

૪૭. ઓફરદાર એન્ટી બ્લેકલિસ્ટિંગ અને ભ્રષ્ટ અને કપટપૂર્ણ વ્યવહારો માટે અયોગ્યતાની ઘોષણા હેઠળ ન હોવા જોઇએ.

૪૮. લાયસન્સી એ ખાતરી કરવાની રેહશે કે સદર જગ્યામાં મૂકવામાં આવનાર ફૂડ કન્ટેનરમાં આપવામાં આવતો ખોરાક અને પીણાં આરોગ્યપ્રદ, હોય અને જરૂરી પ્રમાણપત્રો/જવાબદારીઓ સાથે શ્રેષ્ઠ ઉદ્યોગ ધોરણો અનુસાર હોય. સા.રી.ફ્ર.ડે.કો.લી./એ.એમ.સી./કોઈપણ સંબંધિત સત્તાધિકારીને સમયાંતરે ખોરાક અને પીણાની ગુણવત્તાનું નિરીક્ષણ કરવા માટે સદર જગ્યાએ પ્રવેશ કરી શકશે. લાયસન્સીએ ફુડ કન્ટેનરના સંચાલન માટે તમામ જરૂરી મંજૂરીઓ મેળવવાની રેહશે.

૪૯. લાયસન્સી સદર જગ્યા અન્ય વ્યક્તિ/સંસ્થાને સબલીસ કરી શકશે નહી.

૫૦. અરજ્દારએ પ્રોપટી ટેક્ષ દર વર્ષે ચોકક્સપણે ભરવાનો રહેશે જો અરજદાર પહેલા વર્ષે.પ્રોપટી ટેક્ષ ભરવામાં ચુક કરશે તો તેની સીક્યોરીટી ડીપોઝીટ માંથી જે તે લાગુ-પડતી રકમ એડજસ્ટ કરવામાં આવશે તથા અડ્જસ્ટેડ રકમ દીન ૧૫ માં ફરજીયાત જમાં કરવાની રહેશે જેથી સીક્યોરીટી ડીપોઝીટની કુલ રકમ ૩ મહીના ના ભાડા પ્રમાણે યથાવત રહેશે ,આવી ભુલ બીજા વર્ષે પણ થશે તો તાત્કાલીક અસર થી લાયસન્સ રદ કરવામાં આવશે તથા સીક્યોરીટી ડીપોઝીટઅને તમામ પ્રકારના નાણા જપ્ત કરવામાં આવશે અને લાયસન્સીને બ્લેકલીસ્ટ કરવામાં આવશે.

૫૧. સદર જગ્યાએ કોઈપણ દુર્ભાગ્યપૂર્ણ ઘટના કે કોઇ પણ ખાદ્ય પદાર્થ ના લીધે કોઇ પણ વ્યકિત ને નુકશાન થશે તો તે માટે માત્ર લાયસન્સી જવાબદાર રહેશે.

૫૨. સદર જગ્યા નદી કીનારે આવતી હોઇ, જ્યારે-જ્યારે સરકારશ્રીના/અ.મ્યુ.કો./સા.રી.ફ્ર.ડે.કો.લી.ના વિભાગેથી સૂચના મળે ત્યારે ત્યારે તથા પૂરની સંભવિત આગાહી દરમ્યાન લાઇસન્સીએ મુવેબલ સર- સામાન સદર જ્ગ્યાએથી સ્વ-ખર્ચે ખસેડી લેવાનો રહેશે જે બાબતે સા.રી.ફ્ર.ડે.કો.લી. ખાતેથી કોઇ વળતર મળવાપાત્ર રહેશે નહી.

૫૩. લાયસન્સી દ્વ્રારા સદર જગ્યાએ જાણીતી બ્રાન્ડની વસ્તુઓનું વેચાણ આવકાર્ય છે.

૫૪. સદર જગ્યાએ જરૂર જણાય તો જરૂરી વ્યુ કટર/ બોર્ડ સા.રે.ફ્ર.ડે.કો.લી. ની સૂચના મુજ્બ લાઇસન્સીએ લગાવાનું રહેશે.

૫૫. સદર ૧૩૭૫ ચો. મી. જગ્યાની પ્રીમાઇસીસમાં ઇલેક્ટ્રીક આઇટમ, પ્લમ્બીંગની આઇટમો વિગેરે જેવા માઇનર રીપેરીંગ વર્કર્સની કામગીરી કરાવવાની જવાબદારી લાઇસન્સીની રહેશે.

૫૬. સદર જગ્યામાં અંદર અગ્નીશામક સામગ્રીની વ્યવસ્થા, તેની રેગ્યુલર ચકાસણી અને મેઇન્ટેનન્સ કરવાની જવાબદારી તેમજ ફાયર એક્સ્ટીંગ્વીસર લાઇસન્સીએ સ્વખર્ચે ઇન્સ્ટોલ કરવાના રહેશે અને તેને વર્કીંગ કન્ડીશનમાં રાખવાની જવાબદારી લાઇસન્સીની રહેશે.

૫૭. કોઈપણ તબક્કે કોઈપણ કારણ આપ્યા વિના ટેન્ડર પ્રક્રિયા રદ કરવાનો અધિકાર સા.રી.ફ્.ડે.કો.લી. પાસે આરક્ષિત છે.

૫૮. સદર ૧૩૭૫ ચો. મી. જગ્યાનું પઝેશન આપવામાં આવશે તેમાં લાઇસન્સી દ્વારા ચકાસણી કરી સિવિલ વર્કની જરૂરી કામગીરી લાઇસન્સીએ સા.રી.ફ્.ડે.કો.લી. ની પ્રાથમિક મંજૂરી મેળવી કરવાની રહેશે. લાઇસન્સના ટર્મીનેશન / મુદત પૂર્ણ થયા બાદ સદર ૧૩૭૫ ચો. મી. જગ્યામાં કરેલ કામગીરી પાછળ કરેલ ખર્ચ લાયસન્સીએ પોતે ભોગવવાનો રહેશે. તેમજ સદરહુ ૧૩૭૫ ચો. મી. જગ્યા સ્વ-ખર્ચે ખુલ્લી કરી યથાસ્થીતી મુજબ સા.રી.ફ્.ડે.કો.લી. ને પરત સોપવાની રહેશે.

૫૯. કોઈપણ દુર્ભાગ્યપૂર્ણ ઘટના કે કોઈ પણ ખાદ્ય પદાર્થ ના લીધે કોઈ પણ વ્યકિત ને નુકશાન થશે તો તે માટે માત્ર લાયસન્સી જવાબદાર રહેશે.

૬૦. દરેક પ્રકારના ટેક્ષ તથા સરકારી ચાર્જીસ લાયસન્સીએ સ્વ-ખર્ચે ચુકવવાના રહેશે.

૬૧. ઉપરોકત સિવાય અન્ય કોઇપણ બાબતો / વિવાદ અથવા અન્ય ઉપરોકત સંદર્ભોમાં અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે અંગે મેનેજીંગ ડાયરેકટરશ્રી, સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડનો નિર્ણય આખરી ગણાશે.

૬૨. લાયસન્સી દ્વારા ભાડાની નિયમીત ચુકવણી કરવામાં નહી આવે તો સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ સદર ભાડાની અનિયમીત ચુકવણી બાબતે નોટીસ પાઠવી ફાળવણી રદ કરવાનો અધીકાર અબાધીત રાખે છે.

૬૩. સદરહુ ૧૩૭૫ ચો.મી. જગ્યામાં પાણી , ગટર તથા ઇલેક્ટ્રીક કનેક્શન આપવામાં આવશે.

૬૪. બીડર દ્વારા સદરહુ ફાળવેલ જમીનમાં નકશામાં દર્શાવેલ પ્રવેશ વાળી જગ્યામાંથી જ પ્રવેશ મેળવવાનો રહેશે. તથા પ્રવેશ વાળી જગ્યામાં બ્યુટીફીકેશન નું આયોજન કરવાનું રહેશે,

૬૫. બીડર દ્વારા સદરહુ ફાળવેલ જમીનમાં નકશામાં દર્શાવેલ ફાળવેલ જગ્યામાં સૂચિત હદે ચેંનલીંક થી સુરક્ષીત કરાવાની રહેશે. તેમજ સ્થળે બનાવવાના થતાં સ્ટ્રક્ચર માટે સ્ટ્રક્ચર સ્ટેબીલીટી કરાવી તેનું સર્ટીફીકેટ દર વર્ષે રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ ખાતે જમા કરાવવાનું રહેશે.

૬૬. Gujarat Fire Prevention and Life Safety Measures Regulations ની પ્રવર્તમાન જોગવાઈ મુજબ લાગુ પડતી ફાયર સેફ્ટીની તમામ જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

૬૭. ન્યાયનું કાર્યક્ષેત્ર અમદાવાદ રહેશે.

ઉપરોક્ત ટેન્ડર/હરાજી અંગેની તમામ વિગતો, સામેલ શરતોથી અમો સુપેરે વિદિત છીએ. સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. દ્વારા લેવાયેલ નિર્ણય મને/અમોને બંધનકર્તા રહેશે જેની સામે મારા/અમારા દ્વારા કોઇપણ વાંધો, ફરિયાદ, કોર્ટ લીટીગેશન કરવામાં આવશે નહી જેની અમો નીચે સહી કરનાર બાંહેધરી આપીએ છીએ.

**અરજદારની સહી/અંગુઠાનું નિશાન**

**તા**.:- ..........................

**સ્થળ**:- ........................

<u>**એનેક્ષર-એ**</u>

**નદીની પશ્ચિમ તરફ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષની દક્ષિણે આવેલ આશરે ૧૩૭૫ ચો.મી .જગ્યાનો લે-આઉટ**

